| PUBLICATION NAME : | Divya Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 31/3/2022 |
| PAGE : | 3 |

# એમએસએમઈની વૃદ્ધિને વેગ મળ્યો છે; તેમને મજબૂત કરવાની જરૂર છે : નારાયણ રાણે

કેન્દ્રીય એમએસએમઈ મંત્રી શ્રી નારાયણ રાણેએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એમએસએમઈ) અને આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા આયોજિત એમએસએમઈની સ્પર્ધાત્મકતા અને વૃદ્ધિ પર બે-દિવસીય મેગા સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના (એમઓએસ) કેન્દ્રીય એમએસએમઈ મંત્રી શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્મા પણ ઉપસ્થિત હતાં. આ બે-દિવસીય સમિટમાં એમએસએમઈ ક્ષેત્રમાં વૃદ્ધિ, પડકારો અને તકો પર ચર્ચા સત્રો અને પેનલ ચર્ચા જોવા મળશે તથા ભારત, સિંગાપોર, પેરુ, રવાન્ડા, મ્યાન્માર, રશિયા, ઉઝબેકિસ્તાન, સ્પેન અને ઈરાનમાંથી વક્તાઓ અને નિષ્ણાતો સમિટમાં તેમના અનુભવો વહેંચશે.



આ સમિટમાં દુનિયાભરના ઉદ્યોગસાહસિકો, શિક્ષાવિદો, નીતિઘડવૈયાઓ, ઉદ્યોગના આગેવાનો, વિચારશીલ નેતાઓ, બિઝનેસ ચેમ્બર્સ, ઔદ્યોગિક સંગઠનો, સ્ટાર્ટઅપ્સ, સામજિક પ્રભાવ સંસ્થાઓ, એમએસએમઈ અને સ્વયંસહાય જૂથો પણ સામેલ થઈ રહ્યાં છે. આ કોન્ફરન્સમાં શ્રી રાણેએ દેશની જીડીપીમાં એમએસએમઈના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘‘અત્યારે લાંબા સમયથી એમએસએમઈ લઘુતમ સંસાધનો સાથે કામ કરે છે અને છતાં દેશની જીડીપીમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. એટલે આ જરૂરી છે કે, આ વૃદ્ધિ પ્રેરકબળો મજબૂત થાય અને ઉપયોગી બને. આ દિશામાં ક્ષેત્રને મજબૂત કરવા મહત્વપૂર્ણ સહિયારા પ્રાયસો થયા છે. સરકારની વિવિધ યોજનાઓ એમએસએમઈ માટે નવા વિકલ્પો ઊભા કરવા કામ કરી રહી છે.’’ તેમણે ઉમેર્યું હતું કે, ‘‘સરકારે સુનિશ્ચિત કર્યું છે કે, એમએસએમઈ ક્ષેત્રને નાણાકીય સંસ્થાઓ પાસેથી સતત ધિરાણ મળે, વિકાસ અને આધુનિકીકરણ માટે ટેકનોલોજી સપોર્ટ મળે, નિકાસ બજારોની સુલભતા પ્રાપ્ત થાય, માળખાગત સુવિધા મળે, તાલીમ અને ક્ષમતા નિર્માણ સુવિધા મળે તથા કર્મચારીઓનું કલ્યાણ સુનિશ્ચિત થાય.’’